તા. ૩૦.૧૨.૨૦૨૩

ગુજરાત સમાચાર, પાના નં. ૦૩

## મેટ્રોના કાંકરિયા સ્ટેશનનો ટૂંક સમયમાં પ્રારંભ

# આગામી એપ્રિલથી મોટેરાથી ગિફ્ટ સિટી વચ્ચે મેટ્રો દોડશે

અમદાવાદ,શુક્રવાર

ગાંધીનગરમાં આવેલું 'ગિફ્ટ સિટી' દારૂબંધી હળવી કરાયા બાદ હાલ ચર્ચાના કેન્દ્ર સ્થાને છે. હવે આગામી વર્ષે એપ્રિલ સુધીમાં મોટેરાથી ગિફ્ટ સિટી અને ગાંધીનગરના સેક્ટર-૧ સુધી પ્રાયોગિક ધોરણે મેટ્રો ટ્રેન શરૂ કરવામાં આવે તેવી પૂરી સંભાવના છે.

## ૧૫ મહિનામાં મેટ્રોમાં કુલ મુસાફરો ૨.૫૦ કરોડ, કુલ આવક રૂપિયા ૩૭ કરોડને પાર

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર મોટેરાથી ગાંધીનગરના સેક્ટર-૧ સુધી મેટ્રો ટ્રેનની કામગીરી હાલમાં અંતિમ તબક્કા તરફ આગળ વધી રહી છે. માર્ચ -એપ્રિલમાં લોકસભાની ચૂંટણી જાહેર કરવામાં આવશે. આ અગાઉ જ પ્રાયોગિક ધોરણે મોટેરાથી ગાંધીનગરના સેક્ટર-૧ સુધી પ્રાયોગિક ધોરણે મેટ્રો ટ્રેન શરૂ કરવામાં આવે તેવી સંભાવના છે. આ રૂટમાં કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ, કોબા સર્કલ, જુના કોબા, કોબા ગામ, જીએનએલયુ, પીડીઈયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોળાકુવા સર્કલ, ઈન્ફોસિટી જેવા સ્ટેશનનો સમાવેશ થાય છે.

**મેટ્રોમાં કયા મહિનામાં સૌથી વધુ મુસાફરો-આવક**

| મહિનો | આવક | મુસાફરો |
|---|---|---|
| મે | ૩.૧૬ કરોડ | ૨૦.૧૨ લાખ |
| ઓક્ટોબર | ૩.૧૦ કરોડ | ૨૨.૪૪ લાખ |
| ઓગસ્ટ | ૩.૦૮ કરોડ | ૨૧.૭૮ લાખ |
| નવેમ્બર | ૨.૯૨ કરોડ | ૨૦.૦૫ લાખ |
| સપ્ટેમ્બર | ૨.૮૪ કરોડ | ૨૦.૫૮ લાખ |

આ ઉપરાંત કાંકરિયા ઈસ્ટ સ્ટેશન પણ હવે ટૂંક સમયમાં શરૂ કરવામાં આવે તેવી સંભાવના છે. કાંકરિયા ઈસ્ટ સ્ટેશનમાં ટેસ્ટિંગથી લઈને તમામ પ્રક્રિયાઓ પૂર્ણ થઈ ગઈ છે અને હવે માત્ર તેના પ્રારંભ માટે માત્ર ગ્રીન સિગ્નલની રાહ જોવાઈ રહી છે. દરમિયાન ઓક્ટોબર ૨૦૨૨થી ૨૮ ડિસેમ્બર સુધીમાં મેટ્રોમાં કુલ મુસાફરોની અવર-જવરનો આંક ૨.૫૦ કરોડને પાર થયો છે. આ દરમિયાન કુલ ૩૬.૯૭ કરોડની આવક થયેલી છે.